હજારે બીંનતી કરકે ગોપીચંદકે તંઇ લલચાઇ,
મંગાકે મીયાના=બીઠાકે ગોપીચંદકો ઘર લાઇ,
લેકે થાલમે માનેક મોતી ગોપીચંદ પરસે બધાઇ,
ઘરકે આદમી=નીકાલે બાહાર રહે બેહેન ઓ ભાઈ.

શેર

આતો માલે બેહેનને રએ ઉનોને બંદકર,
લેગઇ ભાઇકો બીઠલાયા પલંગપર બીંનતીકર,
ભોજન બનાનેકો ગઇ ફીર આપ ખોલીકે અંદર,
દરવજે સબ હએ બંદ બેઠા ગોપીચંદ એક સરબસર.

ચાલ છોટી

ગુરૂ જેલંદરને એક દેખી પોથી બડીજી,
ઉસ પોથીકે અંદર ઉસકો ખબર પડીજી,
ગોપીચંદ બંદહએ લગીહએ કુલુપ કડીજી,
હો બાજ પખશી ઉડાવો ઉસી ઘડીજી.

તરજ મારવાડી

એક ઘંનટેમે પોચે જલંદર ધવલે નગરીમે આન,
ચુવા હોકે ઘુસા મોરીમે આયા ઘર દરમીયાન રે,
ગોપીચંદ ચેલા૦ પલંગપર બૈઠા અકેલા૦ કોઉ નહી દેખા ભેલા,
મારા તંમચા પકડકર કાનરે,
જોગ ભુલાકેઉ તુ૦ મુરખ નાદાનરે.

તરજ ચેલાઈચાકા

ઉશકો મછર કરકે નીકાલા પોચે બાગમે જાયે,
ગુરૂ ચેલા બેઠે બાગમે જોગી આસન જમાયે,
ઇંહા બેહેન આઇ ભોજન બનાયેરે,
ભાઇ નહી પડત દીખાયે.

ચોપાઈ

મેહેલમે ચૌવ તરફ નજર ફીરઆઈ,
કંઇ નહી દીખતા ગોપીચંદ ભાઇ,
તોડતી બાલ સરકે છાતી ભર લાઇ
બારીશ નેનોસે ખુબ બરશાઇ.

દોહા

મેનાવંતીકે બચનોસે વો જોગી હોકે ગયા,
કાંહા જાઉ કાંહા પાઉમે જુદા ભાઈ ભયા.

૬૪૩૨

તરજ ઈંદ્રશભાકી

અભાગીનકા એ ભાગ કેઉ ફુટ ગયા,
અભી મૈય બીઠા ગઈ વો કાંહા ઉઠ ગયા,
ન કુછ બોલી ચાલી મૈય કેઊં રૂઠ ગયા,
હાયે મુજસે ભાઈ મેશ છુટ ગયા.

ચાલ જુની

મેહેલમે ઇધર ઉધર જાતી, ભાઇકી સુરત ન દીખલાતી,
હાયે કુટે અપની છાતી, કે ગંમકી ઘટાસે ઘેરાતી.
ચમપાવંતી ગીરી મેહેલસે. ભાઇભાઇ કર છોડા પ્રાંન,
ભાઇ ઉનકા=ગોપીચંદ હતા, સુનો ગંમગીન બયાન. ૧૧

સારે શેહેરમે ષોર હુવા સબ નરનારીકો પડી ખબર,
ચંમપાવંનતી=મરનપાઇહએ અપને ભાઈ ખાતર,
એશ અકરૂબા મીલકે ઉનકો લેગયે શંમસાન અંદર,
ખડકકે ચેહેકો=છોડા હએ અગની દાગ ઉસકો દેકર!

શેર

વાંહા બાગમે ગુરૂ કહેતે ગોપીચંદકો સમજાયેકર,
એક લોટા પાનીકા તુલા કુવેસે ભર જા ધાયેકર,
ભરા લોટા ગોપીચંદને લહુ દેખા જાયેકર,
એ લોટા ભરા સબ ખુનસે કેહેતે ગુરૂકો આયેકર.

ચાલ છોટી

કહે ગોપીચંદ મેરી દેહેની આંખ હીલતી હએ,
ઉનકો દેખકે મોરી જાન વો તલમલતી હએ,
આગેસે મેરે બીલી તેડી ચલતી હએ,
કહે ગુરૂ તેરે લીએ ચમપાવતી જલતી હએ.

તરજ મારવાડી

કહે ગોપીચંદ સુનો ગુરૂ દોરજા મુજે છીનભર,
બેહેન મોરી કાંહા જલતીહએ સો દેખુ અપની નજર રે,
કહે જલંદરજી૦ હોવેજો તોરી મરજી૦ આ જલદી જાકરજી.
ગયા ગોપીચંદ ઝટ વાહારે૦ ફેરે સાત ફીરકર,
ગીરા આંચ અંદર રે.

તરજ ચેલઈચાકી

ભાઇ બેહેન વાંહા જલતેહએ દોનો જુવાલા ઇમરત નીકલતી,
ચાંદી સુનેકે ધુવેમે કેયા ઉનકો જોત ઝગમગતી,
દોનોકી પુરીથી ભગતી રે.
આયે વાહાં શીવ સગતી.

ચોપાઈ

પારબતી કેહેતી સુનો શ્રવાંમી બરનન,
ભાઈ બેહેન જીંદે કરો જાની મન,
શંકરને ખાક મલી દોઊકે તન,
ઉશી વખ્ત ભયે દોઉ સજીવન.

દોહા

ભયે જીંદે દોઉ ભાઇ બેહન શંકરને કર શીરાયા,
અમર ભયે વો દોઉ જન સુનેકી કી કાયા.

તરજ ઈંદરશભાકી

શીર કૈયા ભયા ઉસકા કહો આગે ભેદ,
કીએ બંદબંદાને ગોયાનોમે કેદ,
જરીફ દારા મીર જાનતે ચારો ભેદ,
સેઠ શાપુરજીકી આઈ બર ઉમેદ.

ચાલ જુની

નશ્રરવાંન ખરશેદજીકે છંદ૦ કાવસજી કહે કાશીએ બંદ,
નવરોજજી સુનકે ભયે આનંદ૦ કીશા ભયા તમામ ગોપીચંદ,
મનીરાંમ કે ખેયાલકે અંદર રાગ રાગની નીયારે તાન,
અમર હોગયા=ગોપીચંદ સુનો સાર નરનાર બયાન. ૧૨

રંગત ઝડકી.

હીંદુઓના લગનનો ખેયાલ ભોજનના નામ.

(રંગત ઝડકી.)

કહે સેઠને સેઠાની, કરો તયારી વીવાની,
હવે પુતરી નથી નાની, માટે કરો કાંઈ વીચાર*
મારવાડીને ઘેર જાવો, રૂપીયા વીયાજે લઇને આવો,
ધાંમધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર*
આવસે લખમીચંદ વેવાઇ, શોમચંદ તેના ભાઈ,
વેવાણુ આવશે ગંગાબાઈ, સાથે લઇને કુટંમ*
ભેગી હસે ઘણી જાન, કરવા પડસે બહુ પકવાન,
ઘરમા ખાવા નથી ધાન, માટે કરો ન વીલંમ*
સેઠ કહે કાંહા જાઉ, કાંહાથી રૂપોયા લઇને આઉ,
કેમ પુતરીને પરણાઉ, મારૂ ફુટીયું કરમ*

કેના રૂપીયા જઈને કાહાડુ, કાંહાથી જાનને જમાડુ,
એવુ બોલે કેમ આડુ, નથી છાનો કાંઈ ભરમ*
જોઈએતો તમે વેચાવો, કોઈની ચોરી કરી લાવો,
વેવાઈ વેલાને ખવરાવો, એમા ચાલે ન લગાર*
ઘેર મારવાડીને જાવો, રૂપીઆ વીયાજે લઇને આવો,
ધાંમધુમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૧

કહે સેઠ સાંભલ નારી, તારો ભાઇ આપે યારી,
જો એની હોય શાવકારી. તો હું રૂપીયા લાઉ આજ*
એટલે સેઠનો સાલો આવ્યો, તેને બાઇએ સમજાવ્યો,
સેઠને સાથે મોકલાવ્યો, રૂપીયા લેવાને કાજ*
બે જણાએ આપી સઈ, આવ્યા રૂપીયા તાંથી લઈ,
બાઈ ગોરને તેડવા ગઈ, આવ્યા ગોર માહારાજ*
સારૂ મુરત જોવરાવી, દીધો માંડવો બંધાવી,
ખુબ રૂસનાઇ કરાવી, વગડે વાજા સજે સાજ*
સઉ નારીયું મંડપ માંહાયે, પીઠી ચોરે ગીત ગાય,
આનંદ ઓછવ બહુ થાયે, તેની સોભાનો સું પાર*
ઘેરે મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઇને આવો,
ધાંમ ધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૨

મુરત લગનનુ લેવરાવ્યું, નોતરૂ નાતમા દેવરાવ્યું,
સગા વાલાને કેહેવરાવ્યું, થાવા લાગા પકવાંન*
રામભટ સાંમભટ બે ભાઇ, કરે રસોઈની સફાઇ,
તેની સું કહું બડાઈ, નથી થઇ સકતુ બયાન*
પેલે દીવસે જમ્યા સઉ, પકવાન સવાદીષ્ટ બહું,
તેનો વરન્વ સું હું કહુ, બીજે દીવસે આવી જાન*
સાશુ વેલીવેલી આવી, લીધો વરને વધાવી,
જાન સરવેને બોલાવી, સેઠ આપે બહુ માન*
ચોરીના ફેરા ચાર, ફરયા નરને તે નાર,
કરે બ્રાંમણો પુકાર, થાયે અતી મંગલા ચાર*
ઘેરે મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઈને આવો.
ધાંમધુમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૩

સેઠે આપ્યું કનીયાદાન, વીપ્ર કહે સાવધાન,
પછી જમવા બેઠી જાન, ચાલીયુ પીરસવાનુ કાંમ*
દડીયા પતવાડી નાખી, ચટના તરાતરાની રાખી,
સઉવે જરાજરા ચાખી, લઉ આંથણાના નાંમ*
કોથીમડા કરમદા ગાજર, કરડા કાકડી કમરખ ગરમર,
લીંબુ કેરી લીલીહરદર, આમલા બીલી આંબઈ આંમ*
ગુંદા સેવડા કાંકણા સારા, આદુ ખારક ઊમરા નીયારા,
વાંશફલ અબાડા ને ડારા, પપઇયા બોર બદાંમ*
મરચા કાચરા કચુરી, માંમીજો ને કરા ફરી,
સઊ પતવાડીમા ધરી, ભાજી નીકલી પછી બાહાર*

ઘેર મારવાડીને જાવો, રૂપીયા વીયાજે લઇને આવો,
ધાંમ ધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૪

લુણીની જરશની ભાજી, ભોંઈપતરી ખાંટી તાજી,
માઠ મેથીની ઝાજી, અંબાડો સરસુ સવાદદાર*
ભાજી સુવાની ડાંભાની, ચોરીપોઈ તાંદલજાની,
ટાંકલાની ને નાલાની, ભાજી આલુની અપાર*
વલી માચોની શેકટાની, પાલકની ને ખટુમડાની,
મોરશ ગોલને મુલાની, પીરશી સઊને હારોહાર*
ચણા વટાણાને વાલ, મગ મઠ ચણાની દાલ,
ચોરા કીધા લાલંમલાલ, રાયેતા અનેક તરાના યાર*
સાક કોબીને તુરીયાનુ, ઝમક દોડી દુધીયાનુ,
વાલપાપડી રીંગણાનુ, સાકર કોલુને ગુવાર*
ઘેર મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઇને આવો,
ધાંમધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૫

તેલમા સુરણ કંદ તલેલા, બીજા કંનટોલા કારેલા,
ભીંડા શંભરાઇયા વેલા, લાવી રાખ્યા પાતલપર*
ભમરડી ચોરાની સીંગ, સરગવાનીસીંગમા હીંગ,
નાખ્યા વાલોરમા લવીંગ, સાક ટીંડોરાનુ સર*
સાક કાચા ચીભડાનુ, કાચા કેરા પંડોરાનુ,
કાકડી રતાલુ મુલાનુ, મોગરી શાંગરી સુંદર*
સલગંમ સેવડાને ચોધારી, ચીકાદોરી બીલમડી નીયારી,
સવાદ ગલકાનો ભારી, સફેદ કોલુ ઘીમા તર*
દીલપસંદ બટાટા સારા, ગીરીનરીશ ટાંબોટા પેયારા,
ફરસબી રાજીકડા નીયારા, કાલી ફુલાવરનો બાહાર*
ઘેર મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઇને આવો,
ધાંમધુંમથી પરણાવો, રાખો જાતનો વેહેવાર* ૬

કેલ ફુલને હુલકર, ડબલબી ફણશાનુ ભર,
સાક કવડા બીટનુ સર, ગાઠીયા ભજીયા સેવ પાસ*
વડી પાપડને કાચરી, ઘોકરા મુકે ફરી ફરી,
ટોપલી મીઠાઇયુનીભરી, તેનો આવે ખુબ સુવાસ*
હલવો લીલો સુકો સારો, મગજ ચુરમો સકરપારો,
લાડવા જલેબીનો થારો, મેસુબ સુતરફેની ખાસ*
બરફી પેંડા સાકર ચણા, ગુલાબજાંમ ઘુઘરા ઘણા,
ઘારી ઘેવર પેઠા તણા, ખુમચા લાવ્યા કરી કીયાસ*
ડોર શાટા મોદક ખાજા, એલચીદાણા કાજુ ઝાજા,
ખુરમો માલપુવા તાજા, પીરસ્યો શ્રીજને કનસાર*
ઘેરે મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઇને આવો,
ધાંમધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૭

ખોપરાપાક ને ખજુરી, અમરતી ને શીરો પુરી,
લાડવા પોરસ્યા મોતી ચુરી, હલવો દુધીનો સવાઈ*

રેવડી દંઇથરા ગુંદરપાક, ગોરપાપડીમા ધરાખ,
મગદલ પીરસે પાડી હાક, કેશર પાકની નવાઇ*
જાન આનંદથી જમાડે, બદલો લઇને કડી કાહાડે,
છુટી દાલને પછવાડે, નીકલી ઘીની કુડીયું ભાઈ*
આવ્યો ગરંમ ગરંમ ભાત, પીરસે સરવે હોતો હાત,
જમે જાનીયાસઉસાત, ઉઠીયા કરીને બડાઈ*
ખાધા પાનને શોપારી, આપી પેરામણી ભારી,
વીદીયા કીધા નરને નારી, થયો આનંદ અપાર*
ઘેરે મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઈને આવો,
ધાંમધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૮

કોઇ આવે આવો દાહાડો, રૂપીયા ગમે તેના કાહાડો,
પુતરી પરણાવી જમાડો, એમા મોટુ ધર્મ ધાર*
જનોઈ છોકરાને દીધી, તેમા તારીફ તે સું કીધી,
તરકારી સઉ સીકી લીધી, પછી છંદ કીધો તયાર*
બંદા જરીફની બડાઈ, મુખથી કરે દાદાભાઈ,
મારો ગુરૂ તે સવાઇ, મંમ પ્રાંણ આધાર*।
એની કીરપાનુ છતર, ઝલકે મારા માથા ઉપર,
ગુરૂ ગીયાનથી તર અંનતર, થયુ મલ્યુ ગીયાન સાર*
કહેછે મનીરાંમ, મારૂ નામ છે સર નાંમ,
મારૂ શાહેરીનુ કાંમ, કથુ ખેયાલ કંઇ હજાર*
ઘેરે મારવાડીના જાવો, રૂપીયા વીયાજે લઈને આવો,
ધાંમધુંમથી પરણાવો, રાખો નાતનો વેહેવાર* ૯

———o———

વાંણીયા બ્રાંમણ વીશનવ આ ખેયાલ વાંચે નહી.

પારશીયોનુ જમણ વાનીયોના નાંમ.

(રંગત ઝડશી.)

આવો આવો ભાઇ જુવાન, ચાલો હોટલને દરમીયાન,
ખાવા નવાનવા પકવાન, ખાઈ ખુશી કરજો મન*
વાની તરાતરાની નીયારી, ખાટી મીઠી તીખી ખારી,
આપીશ ફી હું તમારી, તમે થજો મગન*
લંઉ વાનીયોના નામ, તમે સમજો ભાઈ આંમ,
જો ખાવાની હોય હાંમ, થાવો જલદી તયાર*
નમકી તરકી ખારૂ ગોસ, બતક મરગી કરી રોસ,
પેપરચાંપ ખાજો દોસ, ખુરમો હંશનો સવાદદાર*
કનતરી કબાબ ચીકીન પાઈ, ચાંપ હાંડી ચાંપ સવાઈ,
આખી દાલના ઇંડા ભાઈ, પોડા ખાજો તેન ચાર*
ગોસ નાખ્યું છે સલીમો, લાલ બોટી કીધી ધીમો,
ગરેબીના ચાંપ ખીમો, કટલેસ કીધાછે અપાર*
કીધા ભેજાના કટલેસ, કબુતરનુ આલ બીલેસ,
ભાજી ભેજામા વીસેસ, નાખી કરીને વજન*

વાની તરાતરાની નીયારી, ખાટી મીઠી તીખી ખારી,
આપીસ ફી હું તમારી, તમે થજો મગંન* ૧

કોરાના મુરબા તંઇ, ગોશ નાખ્યું તેમા લઈ,
ક્રીમ રોશને કેરવઇ, વલી મરગીનો સાસ*
બીટરૂટમા ગોશ સારૂ, કાલીફુલાવરમા પીયારૂ,
દીલ પશંદનુ ગોશ્ત નીયારૂ, લાવી રાખ્યું તેની પાસ*
ઇસટુ ફ્રરાઈ ઇસટુ પાટીસ, માયેવાલા એલ ફીસ,
મટન ચાપ દસવીસ, અકુડી ઇંદાની ખાસ*
વલી તરેલા કેલા, ચાસ ખાંડના પાયેલા,
કટલેસ ખીમાનાબી ભેલા, તેનો આવે ખુબ સુવાસ*
સઉ તરેલી તરકારી, ગોસ નાખ્યું તેમા ભારી,
વાની જુદી જુદી પીયારી, ચાલો ખાવાને સઉ જન*
વાની તરાતરાની નીયારી, ખાટી મીઠી તીખી ખારી,
આપીસ ફી હું તમારી, તમે થજો મગંન* ૨

આમલેટ પેનસાની વાની, દોધી મરગીની બીરીયાની,
સાત વાનીઓ છમનાની, તરી એઇને રામસ*
દાલ ઇંદાની તરેલી, મુકી ખડીયાની જેલી,
ઝુડા રોટલી મેલી ભેલી, પાટીયો માંગનનો સરસ*
ગોર કેરીનુ આચાર, સારીયા વડા પાપટ યાર,
સેવની કુબુલી અપાર, આંબાકલીયાનો રસ*
સાલીટ બોટની કુંચુબર, ચટની દ્રાખની બહુ સુંદર.
વેગનાના રવઈયા અકસર, કાડી ચાવલ ભેગા ફસ*
પોટર બીડને ચમપીન, પોટવેન શેરીવેન જીન,
જીંજરવેન બરાંડીન, પીને કરજો ચમન*
વાની તરા તરાની નીયારી, ખાટી મીઠી તીખી ખારી,
આપીસ ફી હું તમારી, તમે થજો મગંન* ૩

મોતુ સમારવા તમારૂ, કીધુ કસતર પુદીન સારૂ,
આમન આઈસક્રીમ પીયારૂ, મકરૂંમ કેક નાન ખટાઇ*
પેર દ્રાખ પપેનસ, અંનકુસ ચીકુ અંનજીર દસ,
સંનતરા નારંગી સરસ, રાંમફલ બોર સવાઈ*
મોશંબી ગુલાબી જાંમ, સેરડી કેરા તરબુજ આમ,
કાકડી ફનશ ખરબુચ નાંમ, કીધી ચતુરાઈ*
ફુરૂટ અનેક તરાની તાજી, ખાટી મીઠી તાજી તાજી,
જોઈ થાવો રાજી રાજી, કેહે છે દાદાભાઈ*
કહે છે મણીરાંમ, ખાવાની છે ધુંમધાંમ,
મારો છંદ થયો તમાંમ, એવા છંદ કહું છપન*
વાની તરાતરાની નીયારી, ખાટી મીઠી તીખી ખારી,
આપીસ ફી હું તમારી, તમે થજો મગન* ૪

કલીયુગમા ગોરસનુ માન ઘટીયુ—દારૂનુ માન વધ્યું.

શરાબ શરાબ શરાબ

કીધુ તે ખાણુ ખરાબ.

(રંગત ઝડશી.)

દારૂ દારૂ દારૂ, તારૂ નાંમ લાગે પીયારૂ,
કીધુ કોઇનુ નહી તે સારૂ, કાર કંમ તુ કરનાર*
તુને રંગબેરંગી જોઇ, મોહીયા તારેપર સઉ કોઈ,
લીધા સરવેના મન મોહી, એઉ તારૂ બલ અપાર*
ગાંમો ગાંમ તારૂં ધાંમ, પ્રશીધ કુલ દુનીયામા નાંમ,
તારા જાંમની ધુંમધાંમ, થઇ રહી આશકાર*
જેને લેહે તુ લગાડે, તેને દીન દુનીયાથી કાહાડે,
ફરે તારી તે પછવાડે રાખે કોઈની ન દરકાર*
તુને શમજે માને બાપ, જાણે ઈશવર આપોઆપ,
નીત જપે તારૂ જાપ, તજે કુટંમ પરીવાર* !
મોટા મોટા જે માહારાજ, કરેછ દુનીયામા રાજ,
તેબી સમજે તુને તાજ, તારે આધીન નરને નાર*
નહી કોઇને તું બોલાવે, સઉ તારી પાશે આવે,
પઈસા દઇને તુને લાવે, સમજી હઈયાનો હાર*
તુને રંગ બેરંગી જોઈ, માહીયા તારીપર સઉ કોઈ,
લીધા સરવેના મન મોહોઈ, એવુ તારૂ બલ અપાર* ૧

બ્રામણુ વીશનવ કંઇ વીદવાન, તેબી ભુલ્યા ગીયાન શીયાન,
થયા તારામા ગુલતાન, તાનશેનનો તુ સરદાર*
કાહેરના કોઠાની માંયે, ચાર બુંદ તારા જાયે,
પલમા કાહેર સુરો થાયે, લાગે ફેરવવા તલવાર*
પલમા પોપટ તુ બનાવે, કરી હાથી તુ ઝુલાવે,
વલી ધુડમા લોટાવે, તારી કલાનો નહી પાર*
જેમા કીધો તે સમાસ, તેતો થયો તારો દાસ,
અંન્તે કાહાડીયું સતીયાનાસ, થાય જેપર તુ સવાર*
જગેજગે છાવની તારી, તારા નાંમની બલહારી,
સઉ જાય તુજપર વારી, તુછે મન હરનાર*
તુને રંગ બેરંગી જોઈ, મોહીયા તારેપર હરકોઇ,
લીધા સરવેના મન મોહોઇ એઉ તારૂ બલ અપાર* ૨

કોઈ ખાય ન મીઠાઈ, ઘટી ગોરસની કમાઇ,
તારા નાંમની વધાઇ, થાય સાંજ સવાર*
જોઇ મોહીની શવરૂપ, મોટા મોટા મોહીયા ભુપ,
વલી કેટલા ગુપચુપ, તારા છે દોસતાર*
વરણુ અઢારે ચાહાયે, ચરચા તારી જગમા થાયે,
સઉ ગીતો તારા ગાયે, ગુંણીજનો વારવાર*

કુડા કાંમતુ કરાવે, કોઇને સુલીપર ચડાવે,
હાવે ભાવેથી બતાવે, અંનતે નરકના દુવાર*
જેને લાગે તુ જો મોડે, પછી તુને તે ન છોડે,
ફરે તારી જોડેજોડે, થઈ જાએ ખુવાર*
તુને રંગ બેરંગી જોઇ, મોહીયા તારેપર હરકોઇ,
લીધા સરવેના મનમોહોઈ, એઉ તારૂ બલ અપાર* ૩

કનીજનો ગુંણી ગીયાણી, જેણે પીધુ તારૂ પાંણી,
તેની હાંણી થઇ કુવાંણી, ભુલ્યા આચાર વીચાર*
જેણે પીધો પ્રેમી પીયાલો, તેતો થયો તારો વાહાલો,
ફરે થઈને તે મતવાલો, તજે કાર હજાર*
નાંમ ગ્રંથોમા લખ્યાંણુ, કુલ દુનીયામા વનચાંણુ,
તારા ગુણો સું વખાણુ, જાણુ સાર લગાર*
કહે જરીફ દાદાભાઈ. તારા નાંમની મોટાઇ.
કંઈ કુશંગોએ ગાઇ, થયા ખુવાર ગંમાર*
તારી લીલા નીયારી નીયારી, તારી જગમા નાંમદારી,
તારા નાંમપર જાયે વારી, મણીરાંમ વારવાર*
તુને રંગ બેરંગી જોઇ, મોહી યા તારેપર હરકોઈ,
લીધા સરવેના મન મોહોઇ, એઉ તારૂ બલ અપાર* ૪

રંગત શીકશતાની.

પાપનો પસતાવો.

(રંગત શીકશતાની.)

અનેક ભગતોને સંન્તો ધરમીને કંઇ તમે તારયા તારણ હારા,
એક મારા જેવા દુષટી પાપીને તારોતો જાણુ તારનારા,
અસતુતી કોઇ દેવોની નકીધી નગુણો ગાયા મે કોઇના સારા,
અણસઠ તીરથમાથી એક તીરથ નકીધુ કોઇ પણ મે પ્રાણ પીયારા,
અલોપી વાંણી સદા ગુરૂની ગણયા ગુણો તેના સહુ નકારા,
આગન્યા પીતાની ને માતની મે ન માની બેઉને ગણીયા અકારા.
અતીતો સંન્તોને માર મારયો એવા કરયા લાખો કર્મ કારા,
એક મારા જેવા દુષટી પાપીને તારોતો જાણુ તારનારા. ૧

અરથી દુકાની ન કોઇને દીધી ન પ્રેમ કીધી જઇ દેવ દુવારા,
અસીસ કોઇની ન લીધી માથે ઉપાડીયા પાપોના ભારા ભારા,

ઉપકાર જાણીયો ન કોઇના મે તોડી તળાવોની પાળો ધારા,
અધવચે તપ તોડીયા તપસીયોના ભજનોમા ભંગ પાડીયો ફરી ગારા,
એઉં શાંભળ્યું છે મે તમે લાખો જણને તારીયા કરી સુધારા,
એક મારા જેવા દુષટી પાપીને તારોતો જાણુ તારનારા. ૨

આપ્યા ન સીધા મે સાધુવોને ન દીધા શંન્તોને ઘેર ઉતારા,
અધરમી કુકરમી પાપી પુરો ગાયોના મુખમાથી કાડીયા ચારા,
અહેંકાર મધ લોભ મોહો ક્રોધ એ સાથમા સઉ કરે છે મારા,
અકડાઇમા રાતદી ગયા સઉ વધી પડીયા પાપના પસારા,
આંખના અંધાવોનેખી તારીયા દેખાડીયા તરવાના તેને તારા,
એક મારા જેવા દુષટી પાપીને તારોતો જાણુ તારનારા. ૩

અતીશે પરનીંદીયાવો કરી મે કુશંગોમા રહી કરયા ગુજારા,
અથાગ પાપોનાં પાંણીમા હું ડુબ્યો જણાતા નથી કીનારા,
અગનીયાન ઉસતાદ પીયારા મારા કરે વીન્તી જરીફદારા,
આપો તેને મુગતી માન મનથી માંગેછે મારીએ એઉ ખીચારા,
અભણ મણીરાંમ રામચંદર ગાય છે અવગુણ સગુણ તમારૂ,
એક મારા જેવા દુષટી પાપીને તારોતો જાણુ તારનારા. ૪

ઇશવરનુ નાંમ ગાશો

તમે પણ ગવાશો.

(રંગત શીકશતાની)

ઓ મારા પીયારા શારા નઠારા સગુણો તારા જે ગીયાની ગાસે,
જેગીયાનીગાસે તેખીગવાસે તીયાં સરગે જાસે ઈહાં નાંમ થાસે,
જે ધીયાંનથી ધીયાની ધીયાન ધરસેને પ્રેમ કરસે તો અઘ કપાસે,
કપાસે અઘ સનતાપ પાપ જાપથી થાપ નર આપ ખાસે,
તજે ન તુજ રજ ચરણ ને રજભર ભજે સરણ રહી સુજન કેવાસે,
સુજન કેહેવાસેને થાસે નીરભેય ન કાલ ખાસે ન આવે પાસે,
તન મન ધન તુજ ચરણપર અરપણ કરી ગુણી ગાસે તે ગણાસે,
જે ગીયાની ગાસે તેખી ગવાસે તીયાં સરગે જાસે ઈહાં નાંમ થાસે. ૧

જે જનની પાસે હોય દાસી દાસે તેનેથીન એકટેક પલાસે,
ન ટેકે પલાસે ન કલકલાસે ન પુરી થાસે તે જનની આસે,
સનસારી ભારી જે નરને નારી તેમા આ પીયારી માયા સમાસે,
માયા સમાસે તો મોહી જાસે ન અંન્તનો તે કરસે કીયાસે,
માયાના ભારાને ક્રમ કારા તજે ખીચારા તે પાર જાસે,
જે ગીયાની ગાસે તેખી ગવાસે તીયાં સરગે જાશે ઇહાં નામ થાસે. ૨

સત સાજ સજસે નેકી ન તજસે પછી જો ભજસે તોતે ભજાસે,
તોતે ભજાસે ન નર ભુલાસે જો નીકલે સુવાસે તો રેહેસે વાંસે,

જે તુને જાણે ને જો વખાણે અંન્તો પરમાણે તે સત કમાસે,
તે સત કમાસે અસતનો નાસે એક પલમા થાસે સગુણ પ્રકાસે,
અંન્તે મલે વીશરાંમ ધાંમ થાય કાંમ નાંમ ભગતોમા લખાસે,
જે ગીયાની ગાસે તેખી ગવાસે તીયાં સરગે જાશે ઇહાં નાંમ થાસે. ૩

જે શતમ કેહેસે ને લેસે દેસે તે નરન રેહેસે કોઇદી નીરાસે,
કોઇદી નીરાસે ન થાસે દાસે જે જન તનોમનથી તુને ચાહાસે,
જરીફ દારા સરણમા તારા પડીયા ખીચારા થઇને દાસે,
થઇને દાસે જે સરણ ચાસે તે પ્રાણીના પાપ સઉવે નાસે,
મનીરાંમ કહે રાંમચંદ્રનુ જે નાંમ ગાસે છઠડે છપાસે,
જે ગીયાની ગાસે તેખી ગવાસે તીયાં સરગે જાશે ઇહાં નાંમ થાસે. ૪

પરનારી વીશે નશીયત.

(રંગત શીકશતાની.)

જે યાર પરનારપર મોહાસે કેસેકે પરનારી મારી થાસે,
ક વખ્તે વીખ ખાસે જીવથી જાસે તોપણ તે નરની ન નારી થાસે,
જે મોહનીરૂપ જોઇ મોહી જાસે મન તેને રદ દુનીયાદારી થાસે,
છતી આંખે તેને ન દેખાસે એવી આંખમા અંધારી થાસે,
પ્રેમી થઇ પીયારમા ફસાસે પીયારીની એક પ્રોત પેયારી થાસે,
ધનમાલ જર ઘર સરવે લુટાસે તોપણ તેનેપર તે વારી થાસે,
ન નસીયત કોઇનીખી સત્ય ભાસે કલાસે નહી કે ખુવારી થાસે,
ક વખ્તે વીખ ખાસે જીવથી જાસે તોપણ તે નરની ન નારી થાસે. ૧

જે રાખસે પરનારની આસે તે યાર અંન્તે ભીખારી થાસે,
સવાર સાંજે રેહેસે નીરાસે જે વખ્તે પરનારી નીયારી થાસે,
પાપી તે પુરો ખરો કેહેવાસે જે નારપરનો પુજારી થાસે,
અંત સમામા નરકમા જાસે જે મન હરણનો સીકારી થાસે,
જે જનના મનમા પરમન સમાસે તે જન દુખી દીલથી ભારી થાસે,
ક વખ્તે વીખ ખાસે જીવથી જાસે તોપણ તે નરની ન નારી થાસે. ૨

પેહેલેથી પ્રીતી મીઠી જણાસે પણ પાછલથી મીઠી ખારી થાસે,
તે વખ્તે પસતાસે કરસે કીયાસે જે વખ્તે જાવાની તયારી થાસે,
રડસે સદા નાખીને નીસાસે ઘાતન ઉપર પ્રેમી કારી થાસે,
ન તે રૂઝાસે ન દાગ જાસે મલંમ દવા સઉ અકારી થાસે,
ન રહી ન રેહેસે તે કોઇની પાશે ન કોઈની થઈ તે સુંતારી થાસે.
ક વખ્તે વીખ ખાસે જીવથી જાસે તોપણ તે નરની ન નારી થાસે. ૩

કુશંગનો જે ન થાસે દાસે તેની કીરતી સરવે સારી થાસે,
સુસગંનુ સત્ય સત પ્રકાસે મન કામના તેની ધારી થાસે,
જરીફનુ પીયાલુ પીસે પાસે ચરચા તેની જગમા ભારી થાસે,
જે દાદાભાઈના ખેયાલ ગાસે તે નરની ઇહા નામદારી થાસે,
મનીરાંમ કહે પરનારી શાથે જે નરની ઇહા મીંત્રાચારી થાસે,
કવખ્તે વીખ ખાસે જીવથી જાસે તોપણ તે નરની ન નારી થાસે. ૪

આષકોની આજીજી

માશુકોનુ નીરદયપણુ.

(રંગત શીકશતાની.)

મીથ્યા મોહો જાલમા માશુકોની આષકોએ ફસાવી ગરદંન,
બકરા આશકકો કસાઇયો માશુકો કને ઉભા છે નમાવી ગરદંન,
કંઇ આશકકો થઇ ગયા શહીદો માશુકો હાતે કપાવી ગરદંન,
કપાવતી વખ્તે જરા પોતાની ન આષકોએ હલાવી ગરદંન,
કંઇકો મરયા પીયાર વસ થઇને કંઇકોએ ગંમમા ગલાવી ગરદંન,
કંઇકો પુજારી થઇને પુજે માશુકોના પગપર વધાવી ગરદંન,
અંત કાલના સમા સુધીબી ન આશકોએ હટાવી ગરદંન,
બકરા આશકકો કસાઇઓ માશુકો કને ઉભા છે નમાવી ગરદંન. ૧

નીરદય જાત માશુકોની કંઈ આશકોને મારયા દબાવી ગરદંન,
કંઇકોને મારયા રાબાવી કંઇકોની સુલી ઉપર ચડાવી ગરદંન,
કંઇકોને નાખ્યા ફાંદામા કંઇકોની ધડથી જુદી કરાવી ગરદંન,
કંઇકોની હાતેથી કાપી ગરદંન મરગીના જેવી તડફાવી ગરદંન,
રાજી થાએ આશકો માશુકો હાત લોહીમા રંગાવી ગરદંન,
બકરા આશકકો કશાઇઓ માશુકો કને ઉભા છે નમાવી ગરદંન. ૨

કંઇકોને વનવગડામા ભમાવ્યા કંઇકોની લાવી ફસાવી ગરદંન,
કંઇકોને લાવી અધવચે મારીયા કાપી તે પોતે મંગાવી ગરદંન,
કંઇકોની લાવી ચડાવી ગરદંન કંઇકોની પગપર નચાવી ગરદંન,
કંઇકોની ગરદંનને મારી ઠોકર કંઇકોની ફુંકી બચાવી ગરદંન,
કંઈ આષકોની ઘાણીમા નાખી તે માશુકોએ પીલાવી ગરદંન,
બકરા આશકકો કસાઇઓ માશુકો કને ઉભા છે નમાવી ગરદંન. ૩

કંઇકોએ દુખમા દુખાવી ગરદંન સુખસાર સારૂ સુકાવી ગરદંન,
કરોડો ઘા ખાધા આષકોએ ન તોએ પાછી ફેરાવી ગરદંન,
જરીફ બંદા છે પીરમારા જેણે એયાલમા નીભાવી ગરદંન,
આ દાદાભાઇએ બનાવી ગરદંન કંઈ દુષમનોની ઘુંદાવી ગરદંન,
મણીરાંમ કહે સંભાને અંદર જો ગાવી હોએતોગા આવી ગરદંન,
બકરા આશકકો કસાઇઓ માશુકો કને ઉભા છે નમાવી ગરદંન. ૪

—o—

નાયેકા હોલી.

(રંગત શીકશતાની.)

એ મસ્ત મહીનેમે ભઇ હૈરાની બગેરજાની ન નીંદ આતી,
ઉધરકો હોરી જરે ઇધરકો ઓહે બીથા કેયા મોહે સતાતી,
અલગ વો મુજસે હુવા મેહરબા જબીસે મેય એક પલ કલ ન પાતી,
અબીરકે એવજ એ અપને સરપે સદા ધુલ ધીરજકી ઉડાતી,
ઔર એ લગે કુમકુમા કાંમકા એ ગંમકી ગોલી સહી ન જાતી,

આંખોસે અપને એ અબ્ક ખુરંગ ગીરા ગીરાકે એ તન ભીગાતી,
અકલકી મારી બીદનાસે હારી સદા નાવ કાગજકી ચલાતી,
ઉધરકો હોલી જલે ઇધરકો બ્રીહે બીથા કેયા મોહે સતાતી. ૧

અચ્છા ન લગતા હમે આના પીના એ ગંમ જુદાઇસે ફટતી છાતી,
ઇલાજ ઇસકા કેયા કીજે બેહેના એ નીર નૈનાસે મૈય બાહાતી,
અવલસે મૈય જાનતી તો ભવરી ન ફીરતી પીઉમે ન દીલ લગાતી,
અખીરકો હોગા એ હાલ મેરા તો બીખ મૈય ખાતી ન દુખ ઉઠાતી,
અરે બીધાતા તુને કીયા કેયા એ હોલી મેરે જીકો જલાતી,
ઉધરકો હોલી જલે ઇધરકો બ્રીહે બીથા કેયા મોહે સતાતી. ૨

એઉંહી જવાની ચલીએ જાતી મગર બીધાતા ન તરસ ખાતી,
આયા ન પીયારા હુવા વો નોયારા જબીસે ભેજી ન એક પાતી,
અબ હોલી કીસે ખેલુરી સજની ન સેજ શાથી ન વો સંગાતી,
એચાહાને વાલા હો પાસ મેરે તો બીનતી કરકે ઉસે મનાતી,
અતરસે તરકર સેજા બીછાતી લે સંગ સોતી કપડે રંગાતી,
ઉધરકો હોલી જલે ઇધરકો બ્રીહે બીથા કેયા મોહે સતાતી. ૩

અપનીવો હંમ ઝોલીઓમે જાતી તો પાસ મોહે ન કોઉ બીઠાતી,
એશો એ અશરતમે અપને પીસંગ ખેલે વો હોલી ન કોઉ બુલાતી,
અસતુતી અબકર હરીકી પીયારી જો તેરે પીસે તુ મીલને ચાહાતી,
એઉં દાદાભાઈ કહે નાયેકાકો મીલે વો પલમે તેરા હીમાતી,
ઉમીદ બર આઈ કહે મનીરાંમ ફીર નાયેકા હીતકી હોલી ગાતી,
ઉધરકો હોલી જલે ઇધરકો બ્રીહે બીથા કેયા મોહે સતાતી. ૪

રંગત છોટી.

માલક પાસે માફીની માંગણી.

(રંગત છોટી.)

લઉં પ્રથમ નામ તારૂ આ સભા અંન્દર હું,
બસ રાખ લાજ કર કાજ અમે ધરણી ધરતું,
બતા ખામી કર માફ છેઉ એક ખર હું,
બદમતને હર કર નામ નેકમાં સરતું,
આજ રાખ ટેક પંચોમા મુરખ છઉ નર હું,
કરી દયા જરી ફરી મહેર મારાપર કરતું,

આફતો ટાલ સઉ છઊ તારો ચાકર હું,
બસ રાખ લાજ કર કાજ અમે ધરણી ધરતું. ૧

ફીદા છઉ બસ એક તારા નામપર હર હું,
સદાનો દાસ છઉ ખાસ ન યાર વીસરતું,
સભામાં સમરૂ પ્રથમ તને ચાતર હું,
લઈ તારૂ નામ કરૂ કામ ન કર અંતર તું,
દમમાં દમ છે ના ભુલું તુને પલભર હું,
બસ રાખ લાજ કર કાજ અમે ધરણી ધર તું. ૨

બનીને રંક પડયો તારા પગપર હું,
ખરા દીલથી ભજુ છઊં દે દરસન દીલભર તું.
સમજણ મારામાં નથી છંઉ વનચર હું,
ચતુરાઇ ભલાઈ મારા ઉરમાં ભરતું,
ફરાવ ન કુડું કામ ધુજુ થરથર હું,
બસ રાખ લાજ કર કાજ અમે ધરણી ધરતું. ૩

ગાવાનો નામ એક તારૂં હર શંકર હું,
માલા ફેરેદારાં કર નેક નજર તું,
આસા રાખું દરસનની દામોદર હું,
સાય થઇને દરશન દે મને મુરલી ધર તું,
કર મનીરાંમનુ નામ માંગું એક વર હું,
બસ રાખ લાજ કર કાજ અમે ધરણી ધરતું. ૪

———o———

જુગાર વીસે નસીયત.

(રંગત છોટી.)

રમસે જુગારતો નીરધન થાસે તવલમે,
મુદલ ધુસી જાશે નફો દેખાસે કલસે,
આ જગમાં જે કાંઇ ભાઇ કમામે રલસે,
તેપણ દુતોના ફંદમાં સમામે ભલમે,
ધર દુવાર માલ સઉ હારી જામે ગલમે,
ફાંદાનું ધન તે હોય જે પાસે ટલસે,
જે હારસે ધન તે પાછુ ન વાંસે વલસે,
મુદલ ધુસી જાસે નફો દેખાસે કલસે. ૧

હારી હારી ધન ઠોકર ખાસે રઝલસે,
હારેલા જુગારી આવસે પાસે મલસે,
પઈસાનાં તીરે તનતારૂ વીંધાસે ગલમે,
ફરી ધાવ તે કારી નહી રૂઝાસે સલસે,.
એકદી જીતસેતો મન હરખાસે પગલસે,
મુદલ ધુસી જાસે નફો દેખાસે કલસે. ૨

હારસે તો કરસે ચોરી ફસાસે બલસે,

કેદમાં તુ જાસે થઇ નોરાસે દલસે,
ક્રુટસે તેવોતુ મનમાં મુઝાસે કગલસે,
ભીખ માંગીને તુ પરઅન ખાસે વટલસે,
મરસેતો પરપઇસે ઉચકાસે પલસે,
મુદલ ધુસી જાસે નકો દેખાસે કલસે. 3

પદ ફેલ મેલ કરીને કયાસે સાંભલસે,
કહે જરીફ સુખ થાસે હરમાસે ફલસે,
ગુરૂ દારાનાં સબ્દો પરકાસે ઢલસે,
સમજીને અગન્યાની સરમાસે ઉછલસે,
મગીરાંમ ગ્યાનીઓનાં ગુણ ગાસે છલસે,
મુદલ ધુસી જાસે નકો દેખાસે કલસે. ૪

બોધ.

(રંગત છોટી.)

ચાવસે ચણા જો કરસે ન ફેકા ફેકી,
ભાવસે ભજનતો નામવાસ રહે મહેકી,
વીતી વાએદા જાએ ન એસ નીસંત,
પીતી વખતે રસ પ્રેમ તું એસ એકંત,
જીતી પાંચો ઇંદ્રીનાં તોડતું દંત,
મીવીથી માંડ એ હરફ મલે ભગવંત,
લાવસે લખાવટ સારી વાત વીવેકી,
ભાવસે ભજનતો નામવાસ રહે મહેકી. ૧

ભાસા ન સીખી તે હીન્દી મરાઠી મોડી,
આસા કીધા પન કામ ન માયા છોડી,
લાસા પાણાપર માથુ ગ્હયો કેમ ફોડી.
વાસાનુ હલેસુ હલાવ તો તરસે હોડી.
ફાવસે ન જમ તારેથી એકા એકી,
ભાવસે ભજન તો નામ વાસ રહે મહેકી. ૨

કરસે દ્રઢ ભગતી વાયદા જસે નહી વઇ,
મરસે તોયે રેસે તારે કાલ વસ થઇ,
ધરસે કયારે તુ ધ્યાન ઉમર સઉ ગઇ,
ભરસે હજી પેટી પાપની જે રહી સઇ,
તાવસે તુને તન નાખસે તારૂં સેકી,
ભાવસે ભજનતો નામ વાસ રહે મહેકી. ૩

હસતાં હસતાં કેમ મતીમંન્દ થઇ કોતી,
રસ વેરાયે છે નજાતી મુક ગઉ દોતી,
ફસ કલાસ તુને જોઇ જોઇને માયા મોહતી,
ખસખસનાં દાણા સમજયો સફાપર મોતી,

આવસે કાલ મનીરાંમ નામ કર નેકી,
ભાવમે ભજનતો નામ વાસ રહે મહેકો. ૪

બોધ.

(રંગત છોટી.)

જે નર કોઇદી નહી રાંમનામ ગાએ છે,
તે અંત સમે પાછલથી પસતાએ છે,
છતી આંખે જેને નહી દેખાએ છે,
તેનેથી સું કંઈ લખેલું વનચાએ છે,
જે હઇયાંના અંધા અકરમી કેવાએ છે.
તેનેથી રામસુધ સબ્દ ત સંભલાએ છે,
જે નરથી હરખનો હીરો ન પરખાએ છે,
તે અંત સમે પાછલથી પસતાએ છે. ૧

જેથડને ભુલી ડાલને વીટલાએ છે,
તે યહાં ત્યાં અધવચમાં અથડાએ છે,
જે મોહ માયામાં મનુસ લલચાએ છે,
તે અંત કાલને સમે દુખી થાએ છે,
જેનેથી મોહ માયા નહી વીસરાએ છે,
તે અંત સમે પાછલથી પસતાએ છે, ૨

જેનુ ધન ધણીના નામે ખરચાએ છે,
તે લીએ દીએ સહુને ખરચે ખાએ છે,
કરે ધર્મ દાન ધરે ધ્યાન ન ધભરાએ છે,
યહાં પામે સુખ વાંહા વંઇકુટમાં જાએ છે,
જેનેથી મોહમાયા નહી વીસરાએ છે,
તે અંત સમે પાછલથી પસતાએ છે. ૩

કહે દાદાભાઈ ગુણ રાંમના વખાણાએ છે,
ગ્યાની સમજે મુરખથી ન સમજાએ છે,
માહાસાગર હોય તે કદી ન છલકાએ છે,
નદી નાલાઓ નીત છલકી જાએ છે,
મનીરાંમ કહે જેને રાંમ ન મન ભાએ છે,
તે અંત સમે પાછલથી પસતાએ છે. ૪

બોધ.

(રંગત છોટી.) .

અધ્રર.

હરઘડી હરી હરની લેકીરતી ગાઇ,
ઘટ ઘટથી રટ ઝટ હરને રહે સરસાઇ,

નર નેકી કર ધર ધ્યાન નજા અંજાઈ,
દાનાની સંગત કરીને કર દાનાઈ,
સંત સંગતથી તરીયા છે સજન કસાઈ,
કથનીની કોરતી જમે ન નર સંતાઇ,
કથ ગ્યાનની કથની તજ જગની અકડાઇ,
ઘટઘટથી રટ ઝટ હરને રહે સરસાઈ. ૧

કાયાને કસ હરકાજ નજા કચડાઇ,
અંજાન નથા નર નકર જગ આડાઈ,
જસની કીરતી હરજનને જાએ જણાઇ,
કર કરથી દાન કથ ગ્યાન નજા લલચાઇ,
જનની નીંદયા નહી કર નરતજ નકટાઈ,
ઘટઘટથી રટ ઝટ હરને રહે સરસાઈ, ૨

આસા રાએથી તનની થસે નરસાઇ,
કાયાની છાંયા જગે જગે અથડાઈ,
ધન સંગ્ર નકર ધર ધીરજ નજા ધરાઇ,
અંજાન જાન આ કાયા જસે ઘસાઇ,
કર દયાની દ્રસ્ટી ગ્યાની કર ચતરાઈ,
ઘટઘટથી રટઝટ હરને રહે સરસાઇ. ૩

કરે અરજદારા હર ઘડી નજા છલકાઇ,
ગયા સીકંદર દારાની ન રહી દારાઇ,
ટલેન રેખની લેખ જે એક લખાઇ,
થા શાંત તારસે હરી નકર અધીરાઇ,
ગાએ અધર સીકંદર છંદ નજા ચકરાઈ
ઘટઘટથી રટઝટ હરને રહે સરસાઇ. ૪

———o———

આશકની આજીજી.

(રંગત છોટી.)

તારો ચેરો જોયો જાણે ચંદ્રનો કટકો,
જેણે જોયો તેના લાગો ચીતમા ચટકો,
તારા કાલા વાલનો કોડા જેવો ફટકો,
જખમી થઈ મરયા જેણે ખાધો આંખનો ઝટકો,
આ બેઉ ગાલમા ગુલાબનો છે ધટકો,
મન થાયે મગંન જોઇ લાલ હોટનો મટકો,
પેરી જરકશ ચોલી ઓડીયો પીલો પટકો,
જેણે જોયો તેના લાગો ચીતમા ચટકો. ૧

નીકલી નહી સકે એવો મોહો જાલનો છટકો,
જીવતે જીવત નહી જાયે આ જીવથી ખટકો,
માટે તમે મોહોબત કરો ન ભંમતા ભટકો,

પાવો દયાનો દારૂ કપટનો પીયાલો પટકો,
હું થયો દીવાનો જોઈને તારો લટકો,
જેણે જોયો તેના લાગો ચીતમા ચટકો. ૨

આવો પાસે પ્રેમથી પ્રાણ પીયારી નહી અટકો,
મને લટકાવી અધવચે તમે નહી લટકો,
નહી કપટની વાતો કરો ન અમથા હટકો,
કરો પ્રેમી વાત મુખ ચુમો ભરો નહીં બટકો,
મન મોહીયુ જીયારથી જોયો મે લટકો મટકો,
જેણે જોયો તેના લાગો ચીતમા ચટકો. ૩

મલો દાદાભાઇને મનથી ન આપ્યા સટકો,
મન કરો સાફ કુડ કપટનો પડદો ઝટકો,
થાયે તનમન પરસણ ગલોજો ગંમનો ગટકો,
ખુશ ગાવો ખેયાલ જો હોય ગલામા ખટકો,
મણીરાંમને જોઈ દુશમનને લાગો ભટકો,
જેણે જોયો તેના લાગો ચીતમા ચટકો. ૪

બોધ.

(રંગત છોટી.)

કસ કાયા કર્મ કુડતજ નેકી નર કરતું,
ખટ ખટ ખોટી તજ ખસખસ જેવો ન ખરતું,
ગા ગીયાની ગુણ ગોવીંદના તર સાગરતું,
ઘટ ઘટમા પ્રઘટ ઘન ઘાંમ નકર ઘર ઘરતું,
નટ નાગરનુ રટ નામ વીસર નહી નરતું,
ચંચલ ચાતુર વનચરનો ન ચારો ચરતું,
છલ છાની છેલ તજ છછલ ન છક મછરતું,
ખટ ખટ ખોટી તજ ખસખસ જેવો ન ખરતું. ૧

જનજાલ જગની તજ સકલ નજો પર જરતું,
ઝમકાર નકર ઝાંઝરનો ન ઝાઝો ઝરતું,
ટીપટાપ ટાલ રટ રાંમ નકર ટરટરતું,
ઠકરાઇ ઠાઠમા ન ઠસ મઠમા એક ઠરતું,
ડંગે ડંખે ડોલા દાતાના ડંડથી ડરતું,
ખટ ખટ ખોટી તજ ખસખસ જેવો ન ખરતું. ૨

તજ જગત વરત સત જૈયથી સાગર તરતું,
થોડુ મથીને મથન કર કથન ન ધ્રુજ થરથરતું,
દે દાન સદા ભજ દીલથી દામોદરતું,
ધન અન તજ ધરણી ધરનુ ધીયાન શુધ ધરતું,
પ્રતીપાલને જપ રાખીને પ્રેમ પ્રભુપરતું,
ખટખટ ખોટી તજ ખસખસ જેવો ન ખરતું. ૩

ફ્રાક ફાંફા માયાના ફાંટી ફુલી નહી ફરતુ,
બસ બોલ બરોબર બદતજ રાખ સબરતુ,
ભજ ભાવથી ભગવત ભગત ન ભુલ પલ ભરતુ,
મીથ્યા માયામા મોહી ન અમથો મરતુ,
લે ધ્રંમ ધજા લાલ લીલી બાંધ ઝાલરતુ.
ખટ ખટ ખોટી તજ ખસખસ જેવો ન ખરતુ. ૪

વીસવાસ વીસ્વનો રાખ માંગ વલી વરતુ,
સરતાજ સરસ સજ સાજ નાંમ કર સરતુ,
શ્રી લખમી ઇષ શાકષીયાત જો પરમેશવરતુ,
હર હરપલ રટનર હરી હરી હર હરતુ.
મનોરામનુ રાંમ કર કાંમ નામ અમરતુ,
ખટ ખટ ખોટી તજ ખસખસ જેવો ન ખરતુ, ૫

રંગતમેરીજાનઝડફી.

સ્ત્રી ચરીત્ર.

સોમદત સેઠનો ખેયાલ.

(રંગત મેરીજાનની ઝડફી.)

નારી ઘડીમા વંઠી જાય૦ સતવંતી ઘડીમા થાય (મારી જાન)
કાન દઇ સમજો કરો સહુ કીયાસ*
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બચાવો પાસ*
કોઇએક શેરમોઝારે૦ રેહેતોતો એક સાવકારે૦ (મારી જાન)
હતો તેને પાશે પઇશા અપાર*
ઘણા બંગલા વાડી ઘર૦ હતો નાનો એક કુંવર૦
તેથી રાખે બાપ બહુ પીયાર*
કોઈ બીજા શેહેરમાં ભાઇ૦ કુંવરની કરીતી સંગાઈ૦ (મારી જાન)
જોઈ પોતા શરખુ ઘરબાર*
બચપણથી પંણાવી૦ દીધા છેડા બંધાવી૦
હતા નાના ઘણા નર નાર*

બેનમાઈ

શેઠનુ નાંમ સાધનવંત૦ માતાનુ નાંમ પરભાવંત૦
પુત્રનુ નાંમ શોમદત૦ કહુ સતથી મુંદાંમજી*
સસરાનુ નાંમ સાનવલ૦ નંદી સાસુ નાંમ અસલ૦
કહું સઉના હું નાંમ અટલ૦ ગંગા હતુ વહુનુ નામજી*

ચાલ છોટી

તમો સમજો ભાઇયો કાન દઈને ગીયાની,
પેલેથી કહુંછઉ સોમદતની કાહાની,
પછી તેના પીતાયે દીધી સીખ ભણવાની,
જાયે ભણવા નીશાલે આંગન્યા પીતાની માની.

દોહા

ચઉદ વીદયા ચોશટ કલા ભણી થયો હુશીયાર,
પછી પીતાયે ગુરૂજીને આપ્યો માલ અપાર,

શેર

પછી આઠ વરસની ઉમરનો થયો શોમદત કહું વાતજી,
મુકી નાનો સોમદતને મુવો તેનો તાતજી,
જોઈ જોઈ પુત્રને રૂવે ઘણી તેની માતજી,
એ હરી તેં શું કરી હમણા પતીની ઘાતજી.

વેહેવાર ચાલે મુનીંમ મેતાનો૦ મારો પુત્ર ઘણોછે નાનો૦ (મારી જાન)
માટે થાશે પઈશાનો નાશ*
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાવો પાસ* ૧

ગયા બાર માશ પછી વીતી૦ ગઇ બદલી સઉની નીતી૦ (મારી જાન)
દબાવા લાગા સઉ ધન માલ*
હતા મુનીંમ મેતા ચાકર૦ તેતો થઈને બેઠા ઠાકર૦
કરવા શેઠને બહુ કંગાળ*
જીઆરે સમજી સસરે કાહાની૦ કરી મદત ઘણી પઈસાની૦)મારી જાન)
તેનોભી થયો નાશ તતકાલ*
સઉનો ચડી ગયો પગાર૦ નીકલ્યા સઉ કરી તકરાર૦
કરીયા માત પુત્રના હાલ*

બેનમાઈ

થયો મોટો ઘણેરો જુવાન૦ તેયારે પાછલનુ આવ્યું ગીયાન,
ગઇ કાંહા પેહેડાયો દુકાન૦ નથી કંઈ માલ ધનજી*
કહે માતા સમજ કુંવર૦ નથી કંઈ ઘરમા માલ જર૦
કોઇની ચાકરી તું કર૦ નથી ખાવાને અનજી*

ચાલ છોટી

અન વસતર સારૂ ગામમાં ફરવા લાગો૦
કોઈ એક શેઠની ચાકરી કરવા લાગો,

પોતાની માતનુ પેટ તે ભરવા લાગો,
જેમ તેમ કરીને સંકટ હરવા લાગો.

દોહા

કહે માત સુણ દીકરા તારી વહુને તેડી લાવ,
જા ઉજણુ તુ શેહેરમા રાખી સગુણ સત ભાવ.

શેર

વચન માની માતનુ ગયો ઉજંણુમો જારજી,
પોતો સસરાને ઘેરે વાગીયા તા રાતના બારજી,
ઓટલાપર સુઇ રહુ એવો કરાયો વીચારજી.
જઇશ સવારે ઘરમા હું જીયારે ઉઘડશે દુવારજી.

સજીને સોલ શણગારે૦ બાહાર નીકલી તેની નારે૦ (મારીજાન)
આવી જાં કીધો પતીએ વાસ*
એક યારને શારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી,
થઇ સતી૦ બધાવો પાસ* ૨

હવે વાત કહુ અબલાની૦ હતી કોઈ યારપર દીવાની૦ (મારીજાન)
રાખ્યો તો કોઇ ફકીર યારે*
જીયારે થતી અરધી રાત૦ લેતી ચાકરને સાથ,
જાતીતી ગાંમ બાહારે*
તે દીવસે ન મલ્યો ચાકર૦ માટે એકલી નીકલી સુંદર૦ (મારીજાન)
સુતો ઓટલાપર ભરથારે*
ઓલખ્યા વગર જગાડીયો૦ જાણી મુશાફર ઉઠાડીયો૦
ઓલખી પતીએ૦ ઝટ નારે*

બેનમાઈ

બોલ્યા ઉઠ મારી જોડે ચાલ૦ લે સલગાવી આ મસાલ૦
હાથમા તારા જલદી ઝાલ૦ ચાલ મારી તુ જોડેજી*
આપીસ મેહેનતના રૂપીયા બે૦ પતી કહે હમણા મને દે૦
નારી કહે ચાલી વાંહાલે૦ ફરૂં નહી કહુ છુ મોડેજી*

ચાલ છોટી

લઈ મશાલ હાથમા ચાલ્યો પુઠે ભરથારે,
તલવાર ઢાલ લઇ આગલ ચાલી નારે,
મલ્યા સાત ચોર રમતામા કરે વીચારે,
આ આપણે સારૂ આવ્યું કોઇ સીકારે.

દોહા

જોઈ ચોરને ઝાડને ઓઠે શંનતાયો ભરથાર,
હવે રાંડનુ આવ્યું મોત એવો નીશચે કરાયો વીચાર.

શેર

સાતો ચોર આડા થયા અધવચમા રોકી નારજી,
ઉતાર દાગીના લુગડા જલદી નકર કોઇ વારજી,

ઊભા રહો પુઠ ફેરવી અબલાનો હું અવતારજી,
પુઠ ફેરવતા કીધા સાતો જણુને ઠારજી,

પછી પતીયે ચાકુ કાહાડી૦ કાપી નાક લીધા શંનતાડી૦ (મારીજાન)
પછી ચાલ્યો આગલ તે ખાસ*
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦ .
થઈ સતી બધાવો પાસ* ૩

વલી ચાલ્યા આગલ જીયારે૦ દીઠો વાઘ વચો વચ્ચ તીયારે૦ (મારીજાન)
જોઇ વાઘનુ રૂપ વીકરાલ*
પતીએ વાત વીચારી૦ હવે મરસે મારી નારી૦
આગલ બેઠો નારનો કાલ*
વાઘનેબી નાંખ્યો મારી૦ તીયાંથી આગલ ચાલી નારી૦ (મારીજાન)
તેનાબી કાપી કાંન તતકાલ*
હતા નાક ચોરના પેલા૦ કાન મેલ્યા તેને ભેલા૦
જોઈ અજબ થયો તેની ચાલ*

બેનમાઈ

જોઇ હીમત તે નારની૦ ગઈ સુધ તે ભરથારની૦
જોઉં ઝુપડા હું યારની૦ એવો કીધો વીચારજી*
જોઇ નદી થોડા એક દુર૦ આવ્યુંતુ પાંણીનુ બહુ પુર૦
જાઉં તુ નારીને જરૂર૦ ગઈ તરી પેલે પારજી*

ચાલ છોટી

જોઇ સુકી જગા ગયો નારને પાછલ ચાલી,
જોઇ ઝુપડી ફકીરની ઉભી નાર મતવાલી,
કહે પતી રૂપીયા બેજાવો મને આલી,
કહે નાર ન તારી મેહેનત જાશે ખાલી.

દોહા

જાઉં આવુંછુ હમણા હું રાખ જરા વીશવાસ,
નહીતો લે કંગણ મારૂં રાખતુ તારી પાસ,

શેર

કંગણ દઇ નારી ગઈ માહીં જાં શાંઇની ખાટલી,
ખાટલી પાશે હતી પાંણી પીવાની માટલી,
માટલી બાજુ હતી એક બેસવાની પાટલી,
બસ શોમદતે બાહારથી જોઈ નજરે ચીજો આટલી.

કહે ફકીર મેરી પીયારી૦ તુ હએ જાન જીગરકી કીયારી૦ (મેરીજાન)
તેરે બીન મેરા જી રહે ઉદાસ,
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બધાવો પાસ. ૪

કહે ફકીર મેરીજાની૦ એક બાતતુ સુનલે સીયાની૦ (મેરીજાન)
પાની નદી ઉપરશે લાન*

તેરે બીના નહી હએ સુખ૦ મુજકો લગી જીયાદે ભુખ૦
ઉસ લાએ તુ ખાના પકાવ*
શંગ દોનુ ખાયેગે ખાના૦ મુજે ખીલાકે ઘરકો જાના૦ (મારીજાન)
જાવો જલદી મત દેર લગાવ*
કહે નારી હું છું દાસી૦ હમણા રશોઈ બનાઉ ખાસી૦
કરૂં પુરો તમારો ભાવ*

બેનમાઈ

ઉઠી એટલુ તે કહીને૦ ઘડો પાંણીનો લઇને૦
નદી કીનારે જઇને૦ લાગી ભરવાને પાંણીજી*
સોમદત રહી ગયો પાછળ૦ આવ્યો માંઇ ખાટલી આગલ૦
કીધો ફકીરને ઝટ કતલ૦ દયા ન દીલમા આણીજી*

ચાલ છોટી

ચડી ગયો તાડની ઉપર ફકીરને મારી,
એટલામા પાંણી લઇને આવી નારી,
કરી રસોઈ યારને સારૂ સારી સારી,
પછી ઉથાડવા લાગી ફકીરને પેયારી.

દોહા

ઉઠાડતાને વાર ભગયા લોહીમા તેના હાથ,
અપ પતી કેમ થઈ ગતી કોણે કરી તારી ઘાત.

શેર

માથાના બાલો પીખે કુટે છાતી રોય નારજી,
મન મોતી મને મેલીને ગયા કાં હગાના હારજી,
બચપણાની પ્રીત ટુટી આજે વનમોઝારજી,
હજી સુધી નથી ભોગવ્યો મારો ખરો ભરથારજી,

મારી વીશ વરસની ઉમર૦ હજી નથી જોયુ પીઉનુ ઘર૦ (મારીજાન)
યાર તે તોડી મારી આસ,
એક યારને મારૂ નારી૦ નાંખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાવો પાસ. ૫

તે મનમા ક્રોધ બહુ આંણી૦ લીધુ નારે હાથમા પાણી૦ (મારીજાન)
લઉછું આજથી એક પન*
તારા મારનારને મારૂં૦ લઉ પુરૂવેર તારૂં૦
તાઉ કરીસ હું તરપત મન*
પછી નારીએ ખોદી માટી૦ ખોદી ખાડો ન મેલ્યો દાટી૦ (મારીજાન)
ફકીરને કીધો તેમા દફન*
વીતીગઇ પોણી રાત૦ થાવા આવી છે પરભાત૦
નારી ચાલી કરતી રૂદન*

બેનમાઈ

શોમદત ઉતરીયો તાડથી૦ ફકીરને કાહાડીયો ખાડથી૦
ગયો બાંધીને ઝાડથી૦ ચાલ્યો પોતાને દેશજી*

થઈ તે દનની અરધી રાત૦ લઈ ખંજરને ઢાલ હાત૦
નાર આવી તીયાં એકાંત૦ છુટા મુકીને કેશજી*

છોટી

જોયો ઝાડને શાથે યારને તે બાંધેલો,
છોડાયો નારે હાતથી યારને વેહેલો વેલો,
દાટીયો જેમા જે ખાડો ઓદીયોતો પેલો,
ચાલી નારી પાછલ શોગ કરીને છેલો.

દોહા

એ વાત ઇંહાથી પછી કરીઝ કહુ શોમદતની વાત,
આવ્યો શોમદત ઘર વીશે પુછે તેની માત.

શેર

કંગણ માતને આપીને કહી વાત સરૂ તે ગાંમની,
અહો માતજી એ નારી નહી રહી હવે મારા કાંમની,
માં કહે શુણ દીકરા હોએ ભુલે કંઈ એક ભાંમની,
માટે જો કરીએ રીશતો જાયે આબરૂ કુલ ગુણી નામની,

માટે તુ પાછો જઇને૦ ભેગો આવ વહુને લઇને૦ (મારીજાન)
જાણે કોઇ રાખી ઘરમા દાસ.
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાવો પાસ. ૬

કહે પુત્ર માતજી માનો૦ હું હમણા નહી જાવાનો૦ (મારીજાન)
આવશે તે પોતાની મેરે*
નહીતો બેચાર વરસ જાએ૦ પછી જઈસ મારી માયે૦
તેડવા તેના ઘેરે*
મા કનેથી કંગંણ લઇને૦ તોડાવ્યું દુકાને જઇને૦ (મારીજાન)
વજનમા થયું પાવશેરે*
નીકલી તેમાથી એક ચીઠી૦ શોમદતે નજરે દીઠી૦
વાંચી જોઇ એ ફેરે*

બેનમાઈ

કાગલ પોતાના પીતાનો૦ હતો મતલબ તેમા છાનો૦
લખ્યોતો ગુપત ખજાનો૦ દાટેલો પેટી હેઠજી*
શોમદત મા કને આવી૦ ચીઠી પીતાની બતાવી૦
પેટી હેઠ જોયું ઓદાવી૦ લખી ગયાતા શેઠજી*

ચાલ છોટી

થોડોએક ખજાનો લીધો તેમાથી કાહાડી,
બાંધ્યા મોહોલને બંગલા વાડી લીધી કંઇ ગાડી,
જગે જગે દુકાનો માંડી પેહેડીયું કાહાડી,
લઈ રજા માતની સાતો નાત જમાડી.

દોહા

સસરાને ઘેર ખબર થઈ મોકલી કુંવરીને દુવાર,
વગર તેડે શોમદત્તની આવી ઘરમા નાર.

શેર

કહે માં સુણ દીકરા બોલતો ન કાંઈ લગારજી,
વચન માની માતનુ કરીયો શોમદતે પીયારજી,
હલીમલીને લાગા રેહેવા ચાલ્યો ઘરશનસારજી,
કંઇ વરસ વીત્યા થયા ગંગાને પુત્રો ચારજી,

શુરો સામલ શંકર સામે૦ એવા ચારોના નાંમે૦ (મારીજાન)
ચાલ્યો લાંબો૦ વખત ઘરવાસ,
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ઘણીને મારી૦
થઈ સતી બધાવો પાસ. ૭

હવે વાત કહુ આખરની૦ કેવી ગતીં થઈ તેના વરની૦ (મારીજાન)
શોમદત ગયોતો એકદી બાહાર*
મોડી રાતે ઘરમા આવ્યો૦ તેને નારીએ નવરાવ્યો૦
નાહી ધોઇને કહે ભરથાર*
ખોલીમા ધોતીયું મારૂં૦ તે લઇ આવનેતું વારૂં૦ (મારીજાન)
ગઇ લેવા ઓલી મોજાર*
તાં એક બીલાડો બેઠો૦ અંધારામા માચી હેઠો૦
જોઇ પાડી બુંમ અપાર*

બેનમાઈ

ઢબ લઇને નીચે પડી૦ મને ખાવી એમ બડબડી૦
ગઈ આંખુ બેઉ ચડી૦ ઉડી ગઈ સુધ ન લાગી વાર*
સમજીને બોલ આ અતી૦ વીસમે થયો તેનો પતી૦
આવીને જોઇ આ ગતી૦ હસી પડીયો જોઇ પોતાના નાર*

ચાલ છોટી

અરે નાર કોણે તને ખાધી ને કોણે મારી,
સુ કાંમ ચરીંત્ર કરો નકામા ભારી,
મારી સાતો ચોરને વાઘ તરી ગઇ નારી,
કાંહા ગયુ સુરાતન ને મડદાઇ તારી.

દોહા

સાતો ચોરને વાઘ મારી જલ તરી ગઇ અરધી રાત,
આજ બીલાડેથી બીના એ અચરતની વાત.

શેર

નથી જોયા મે ચોર વાઘ નથી ગઈ વન મોજારજી,
તમો જે જે કહો છો તે ખોટુ સઉ નીરધારજી,
કોઈદી નીકલી ન રાતે મારા ઘરથી બાહારજી'
જો ખોટુ હું કહું તો મરે મારા પુત્રો ચારજી.

મને પ્રભુના પેયારા સંમ છે૦ ખોટુ કહું તો તમારા સંમ છે૦ (મારીજાન)
કાહાડીયા મે દુખમા બાત્રીસ માસ,
એક યારને શારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બધાવો પાસ. ૮

કહે પતી સમજતુ નારી૦ હવે કહું હકીકત તારી૦ (મારીજાન)
આપ મને બે રૂપીયા મારા*
મસાલ લઇને તારી શાથ૦ ચાલ્યો તો હું અરધી રાત૦
જોવા ફેલ ફીતુર તારા*
વચમા ચોર વાઘને મારી૦ જલ તરી ગઈ તુ નારી૦ (મારીજાન)
ફકીરના કરવા કામ સારા*
અરધી રાતે પાંણી લાવી૦ તેતો રશોઈ બનાવી૦
એવા કરંમ કીધા કારા*

બેનભાઈ

નહી માને કદી જોતુ૦ એધાંણી સરવે લાવ્યો છું૦
નાક કાંન કાપી લાવ્યો હું૦ જઇ જો મેડાની ઉપર*
ગઇ મેડાં ઉપર ફરી૦ નીશાની જોઈ સઉ ખરી૦
અતી મનમા તે રીશ કરી૦ આવી પોતે હતો જાં વર*

ચાલ છોટી

અરે પતી તેજ મારા યારને નાખ્યો મારી,
દઉં મુગતી યારને એવી ગતી કરૂં તારી,
પનચાવન વરસનો દોશી શોમદત ભારી,
તેની થરથર કાંપવાને લાગી દેહી સારી.

દોહા

વહુ દીકરાને માત સઉ રેહેતા પેહેલે માર,
તીજે માલે સુતા હતા એકલા બેઉ નર નાર.

શેર

શુરાતન ચડીયુ નારને કીધા બંદ ઘરના દુવારજી,
પછી પતીને મારવા લીધી નારીએ તલવારજી,
મરતી વખત એક પાડી બુંમ ને રોયો ઝારો ઝારજી,
તોબી દયા નહી લાવી તે અંતે કીધો તેને ઠારજી,
પછી બારી બારણુ ઉઘાડી૦ એકાએક બુંમ તેને પાડી૦ (મારીજાન)
હાય મારૂં થઈ ગયું શતીયાનાસ,
એક યારને સારૂ નારી૦ નાંખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બધાવો પાસ. ૯
કોઇ આવોરે આવોરે૦ પેલો નાઠો તેને લાવોરે૦ (મારીજાન)
લાગી રડવા તે કરી કકલાટ*
હતા માત દીકરા ચાકર૦ તેતો ચડી આવ્યા ઉપર૦
થયો એકાએક ગભરાટ*

સઉ મોહોલો જાગી ઉઠીયો૦ જાણે કોઇ ત્રીકંમ રૂઠીયો૦ (મારીજાન)
થયો આહાકાર ષેર ગોગાંટ*
પડી ખબર સઉને જીયારે૦ જોવા આવ્યા સઉ કોઈ તીયારે૦
એવો કીધો નારીએ થાટ*

એનમાઈ

હવે જીવી સું કરઉં છે૦ નારી કહે મારે મરઉં છે૦
પતીની જોડે બરઉં છે૦ જીયારે થાસે સવારજી*
જાંહા મારો ગયો પતી૦ તાં મારી કરીસ ગતી૦
સવારે થઈસ હું સતી૦ એવો મારો વીચારજી*

ચાલ છોટી

થઇ સવાર શેહેરમા ચરચા થઇ ગઇ ભારી,
લઈ માથુ પતીનુ નીકલી સતી હતીયારી,
કોઇએ જાંણી નહી નારીની હુસીયારી,
તે સગા પતીને મારી સતી થઈ નારી.

દોહા

જરીફ દાદાભાઇ કહે સમજો સઉ નર નાર,
સગા પતીને મારીને વરતાવ્યો જૈય જૈય કાર.

શેર

માટે અય ભાઇયો જુવો નારીની બદ ચાલજી,
નહી ફ્રી કેહેઉં તેને કેહેવામા નહી કંઈ માલજી,
જો કદી કેહેશાતો થાશે આવા ખુરા હાલજી,
મનીરાંમ કહે નસયત ભરેલો મારો છે આ ખેયાલજી,

તમે માનો યા નહી માનો૦ આ મતલબ નથી કંઈ છાંનો૦(મારીજાન)
ન કરતા નારનો કોઇ વીસવાસ,
એક યારને સારૂ નારી૦ નાખીયો સગા ધણીને મારી૦
થઈ સતી બધાવો પાસ. ૧૦

રંગત મારીજાન સાધી.

એક નીરદય પુતરે સગી માતાને મારી ઇશત્રીનુ વચન પાલ્યું.

(રંગત મેરીજાનની સાધી.)

આ દુનીયામાં એક વાહાલી પતીને નારી,
મારીજાન=સમજે નારીને દેવ સમાન,

એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાંન,
કાઠીયાવાડ પ્રાંતમા રેહેતો હતો. એક કણબી,
મારીજાન=હતો તે ગરીબ ઘણો લાચાર,
ખેતવાડી મેહેનત મજુરી કરતા બે નર નાર,
તે ખેતરમા એક ઝુપડી બાંધી રેહેતા,
મારીજાન=ભોગવતાતા દુખ અપાર,
બપોરે ખાયે મલે ન શાંજે શાંજે તો નહી સવાર.

ઠેકતા

એવી રીતે દુખના દાહાડા બેઉ કાહાડે,
નહી સુખથી સુવે નહી સુખથી ઉઠે કોઇ દાડે,

મારીજાન=થયુ પછી તેને એક શંનતાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાંન. ૧

જેવો જનમ્યો તે પુતર મરી ગયો પીતા,
મારીજાન=માતાએ વેઠીયું કષ્ટ ભારી,
માંગી ભીખી ખવરાવી કરે પુત્ર શેવ સારી,
કરી મેહેનત મજુરી કરે પુત્રની શેવા,
મારીજાન=મા જાયે પુત્ર ઉપર વારી,
એમ કરતા થયો મોટો પુત્ર એવી દેવગતી નીયારી.

ઠેકતા

દીવશે કરે ખેતી રાતે જાય દલનુ દરવા,
મેલ્યો સુતને નીશાલે વીદયા અભ્યાશ કરવા.

મારીજાન=થયો તે ભણી ગણી ગુણવાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાંન. ૨

પછી મા દીકરો તે ગાંમમા આવ્યા રેહેવા,
મારીજાન=ખોલી એક લીધી ભાડાની,
રાતે દલનુ દલે ખેતી કરવા જાયે દાહાડાની,
અતી દુખ વેહીને માંયે તેને પરણાવ્યો,
મારીજાન=છોકરી શાંમલા બાડાની,
તેબી હતો અતી દુખી ચાકરી કરે ભરવાડાની.

ઠેકતા

તે વહુ દીકરો મા હલીમલી લાગા રેહેવા,
થઇ મનમા ખુશી કરે વહુ દીકરાની શેવા,

મારીજાન=પછી પુત્રને થયું બહું ગીયાન,
એક નારીના કહેવાથી પુતરે સગી માતનો લીધો જાંન. ૩

પછી તે છોકરો ચાકરી કરવા લાગો,
મારીજાન=માંનુ બંદ કીધુ શરવે કાંમ,
ઘરમા બેશાડી માંને ચલાવે પોતે ખરચ તમામ,
વણીકની દુકાને રહીને કરે બહું ધંધો,

મારીજાન=તેથી બહુ થયુ શેહેરમા નાંમ,
ભલો ભલો સઉ કહે થઇ માતાની પુરી હાંમ.

ફેકતા

જે દુખના દાહાડા હતા તે સરવે ગયાજી,
જેવા હતા દુખીયા એવા સુખીયા થયાજી,
મારીજાન=સમજો હવે કહુ પાછલનુ બયાન.
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૪

કંઇ વરસ વીત્યા પછી રહીયા વહુને મહીના,
મારીજાન=સાસુ વહુનો કજીયો ચાલે,
સમજી વાત બઇરીને પુત્ર માને ગાલો આલે,
ગયા પાંચ માસ પછી પતી નારીને કેહે છે,
મારીજાન=નારી કેમ તુ જીવને બાલે,
તારે વગર મને વાહાલુ નથી કોઇ જગમા આજ કાલે.

ફેકતા

માટે સુ ઇનછા છે ખાવાની તારી,
તે તું જલદી કહે લાવી આપુ પીયારી,
મારીજાન=બોલ વાહાલી તું પીયારી જાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૫

લઇ વચંન પતીનુ પછી તે નારી કેહે છે.
મારીજાન=મને છે મન એ ખાવાનુ,
આણી આપો કાલજુ મને તમે તમારી માતાનુ,
જો હેત મારાપર હોએ તો લાવો પીયારા,
મારીજાન=કાંમ નહી કોઈને કેહેવાનું,
તમે તમારે હાતેથી કાપી લાવો છાનુ.

ફેકતા

કહે પતી પીયારી હું મારે હાથથી કાપું,
કરૂં પુરો તારો હું ભાવને લાવી આપું,
મારીજાન=થઇ મત ભ્રષ્ટ કપટની ખાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૬

ગઇ રાત પ્રેમની ઉઠીયો કપટ ધારીને,
મારીજાન=માતને કહે છે પરભાતે,
મને માંનતા વન દેવીની કરવી છે મારી માતે,
તે વન દેવીની આજે જાતરા ભરાસે,
મારીજાન=માત ચાલો તમે શંગાતે,
ચાલી માતા જોડે જાણી નહી કપટની કંઇ વાતે.

ફેકતા

પછી માતાને લઈ અઘોર વનમા આવ્યો,
જોઈ બીહામણુ વન માતાએ અટકાવ્યો,

અરેભાઈ=કાંહા છે દેવીનુ અસથાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૭

આ અઘોર વનને વીશે જાતરા કાંહા છે,
મારીજાન=દીકરા ધ્રુજે છે દેહી સારી.
આંખ મારી ફરકે છે દીકરા જોઈ દ્રષ્ટી તારી,
મા તારૂ કાલજુ મારી વહુવે મંગાવ્યું,
મારીજાન=માટે નાખીશ તુને મારી.
ખાઈ કાલજુ તારૂં ખુશી થાસે મારી પીયારી.

ટેકતા

ન કરતો વાર હવે જરા દીકરા મારા,
હું જઇશ શવર્ગે જો મરીસ હાથથી તારા,

અરેભાઇ=વાત એક કહું તે કર નાંદાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૮

કાલજુ મારૂં લઈ દેજે તારી વહુને,
અરેભાઈ=બીજી એક બોટી લે વાહાડી,
બાંધીરાખ પાગડીને છેડે બોટીને દાહાડી,
તે બોટીથી જીવ કોઇ દી તારો બચસે,
અરેભાઈ=ખાસે જન કોઈ તારી ચાડી,
તે વખતે દેખાડજે તુ મારી બોટી કાહાડી,

ટેકતા

એટલુ કહી માયેં માથુ જમીનપર રાખ્યું,
લઇ છરી પુતરે માતુ પેટ ચીરી નાખ્યું,

મારોજાન=એવો નીરદય થયો તે જુવાન.
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૯

પછી કાલજુ બોટી કાહાડી લોથને દાટી,
મારીજાન=રાહા ઘરની પકડી સીધી.
આપી કાલજુ નારીને બોટી બાંધી લીધી,
પાઘડાને છેડે બોટીને તે બાંધી,
મારીજાન=વાત તે કોઇને નહી કીધી,
સગી માતને મારીને નારીને ચીજ દીધી.

ટેકતા

કંઇ દીવસ ગયા પછી પુછવા લાગા પડોસી,
બાઈ નથી દેખાતી કાં ગઈ તમારા દોસી,

મારીજાન=જવાબ નથી કોઇને દેતો જુવાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૧૦

દર રોજ શેહેરમા ચરચા થાવા લાગી,
મારીજાન=ખબર જઇ પોચી રાજ દુવાર,

શક ઉપરથી પકડી મંગાવ્યો કણબીને નીરધાર,
પડોસીની સાખશી પરથી પુછે રાજા
મારીજાન=માત તારી કાં ગઈ છે બાહાર,
જવાબ નથી કાંઈ દેતો પછી રાજાયે મરાવ્યો માર.

ટેકતા

મારની બીકે રાજાને કહીયો સહુ હાલે,
સમજી રાજાના નૈન થયા બેઉ લાલે,
અરે ભાઇયો=કોઇ ચંદાલ છે આ શેતાન,
એક નારીના કેહેવાથી પુતરે શગી માતનો લીધો જાન. ૧૧

કોઇ આવો કાપો મારો ચડાવો ફાંસી,
મારીજાન=ચડીયો રાજાને ક્રોધ અપાર,
અયે મુજી ચંદાલ તારી મડદાઇ ઉપર ધીકાર,
નારીના કેહેવા પરથા તે માને મારી,
અરે ચંદાલ=ઝેલ્યો નવ મહીના તારો ભાર,
જરા દયા નહી આવી કીધો તે ગાઇને ઉપર વાર,

ટેકતા

સઉ સભોના જન કરવા લાગા માહાતંમજી,
પડી ખબર શેહેરમા કરવા લાગા ગંમજી,
મારોજાન=હુકમ થયો સુલીનો એ નીધાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૧૨

એવામા પાગડી કંણબીની ઉડવા લાગી,
મારાજાન=છોડાવી પાગડી જોઇ નીરધાર,
બોટી માશની જોઇને રાજાએ પુછીયો સઉ સાર,
મારી માંયે કહીયુતુ બોટી લેવા મુજને,
મારીજાન=બાંધી રાખજે તુ શાંજ સવાર,
આ મારી બોટી કરસે અંતે તારા જીવનો ઓધાર.

ટેકતા

કહે રાજા અંતે તારી દયા માને આવી,
આ બોટીએ આજે તારો જાન બચાવી,
મારીજાન=દયા નથી તારા દીલ દરમીયાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૧૩

રાજાએ કરયો પછી હુકમ તે ભાઇયો સમજો,
મારોજાન=તેડાવી તીયાં કણબીની નાર,
કારૂ મોડુ બેઊનુ કરાવી લુટી લીધુ ઘરબાર,
બેસાડી ગધેડે ગાંમમા બેઊને ફેરવ્યા,
મારોજાન=પછી કાહાડી મુકયા હદની બાહાર,
પછી તેનુ શુ થયું કહો ગીયાની કોઈ હોયે ગાનાર.

ફેકતા

એનુ ગાંમ નાંમને વાર જનંમ તથી કેજો,
કયે દીવસે માતને મારી જવાબ મને દેજો,
મારીજાન=રાજાએ કીધા કેદી હેરાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૧૪

કયે દીવશે રાજાએ કાહાડીયા ગાંમની બાહારે,
મારીજાન=કહો સન માહા તથીને વાર,
પેલે જન્મ કોણ પુત્ર હતો કોણ માત હતી કોણ નાર,
એક વરસની આપુ મુદત જવાબને સોધો,
મારીજાન=છે બંદા જરીફ બેઉ હુસીયાર,
દાદાભાઇ ઉસતાદ પુછે સાસતરનો સાર વીચાર.

ફેકતા

કહે નવરોજજી ત્રીકંમજી ભાઈ પીતાંબર
કોઈ દીવશે માતને દુખ ન દેતા ચાતર,
મારીજાન=મણીરાંમ કહે સમજ ગુણવાન,
એક નારીના કેહેવાથી પુતરે સગી માતનો લીધો જાન. ૧૫

સતી સુલોચનાનો ખેયાલ.

(રંગત મેરીજાનની સાંધો.)

શ્રી સતી સીરોમણી સુલોચના પતીવ્રતા,
માહારાજ=લોગ તીનોમે ન અયસી નાર,
હુઈ ન હોગી સતી કોઇ જેસી ભઇ બેશ સકુમાર,
જીનકાથા પતી સુત લંકપતી રાવણકા,
માહારાજ=નાંમથા મેઘનાદ સતી શીયાંમ,
જીતા ઈંદ્રકો મેઘનાદને રખા ઈંદ્રજીત નાંમ,
વો ઈંદ્રજીત ગયા રણમે યુધ કરનકો,
માહારાજ=કરનપીતુ લંકપતીકા કામ,
ઓ આનકે સનમુખ લખષમણજીશે કરન લગા સંગરામ.

ચાલ

દોનોકા યુધ વાંહા હોને લગા બલકારી,
દારે આમન શામન બાન કરે બલ ભારી,
કપી લાલા દારે પાહાડ કરે કીલકારી,
ઓ ઈંદ્રજીતકો લગે ન એકહી કારી.

ચોપાઈ

હોત યુધ અતી ઐશા રનમે,
દેવ સગરે દેખે ગગનમે,
લગત સર આઆ તનમે,
ભયભીત હોત નહી મનમે.

દોહા

